# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩




### આણંદ જિલ્લાના પીઢ નેતાઓની ઉંઘ હરામ : ટીકિટ માટે ગાંધીનગર - દિલ્હી સુધી આંટાફેરા શરૂ થયાં

# આણંદની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં યુવાનેતાને પ્રાધાન્ય આપવામાં આવશે!

**પીઢ નેતાઓ** પોતાના પરિવારના સભ્યો માટે ટિકિટની માંગણી કરવા બાયોડેટા તૈયાર કર્યા

(પ્રતિનિધિ) આણંદ LE.22

આણંદ જિલ્લામાં મહત્વની સ્વરાજ્યની સંસ્થાઓમાં હાલમાં ભાજપ સત્તા સ્થાને છે. આ સંસ્થાઓની પાંચ વર્ષની મુદત આગામી માર્ચ મહિનામાં પૂર્ણ થનાર છે. બાદમાં ટુંકા ગાળા માટે વહીવટદાર શાસન અમલમાં આવવાની શક્યતાઓ છે . જોકે ભાજપના સંગઠન માળખાની રચના ચુંટણી અગાઉ જ જાહેર કરવામાં આવી છે. જેમાં યુવાઓને વિશેષ મહત્વ અપાયું છે. જેથી ચુંટણી માટે થનગનતા પીઢ આગેવાનોની ઉંઘ હરામ થઈ જવા પામી છે.

કરમસદ-આણંદ મનપાની પ્રથમ ચૂંટણી યોજાનારી છે. તો ઉમરેઠ, પેટલાદ, ખંભાત અને વહીવટદાર શાસન હેઠળની બોરસદ તેમજ સોજિત્રા નગરપાલિકા, નવરચિત તારાપુર નગરપાલિકા તેમજ જિલ્લાની 8 તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતના સિમાંકન અને રોટેશનની આખરી પ્રસિદ્ધ કરી દેવામાં આવી છે. હવે એસ આઈ આર કાર્યકમ પણ પૂર્ણ થઈ ગયો છે. જેથી હવે ચૂંટણીની ધમધમાટનો સમયમાં શરૂ થઈ ગયો છે. ફાઈનલ મતદાર યાદી બાદ રાજકીય ગતિવિધિઓ તેજ થઈ છે.

ચુંટણી પ્રક્રિયાની શરૂઆત થવાના અણસાર વચ્ચે પ્રદેશ ભાજપ દ્વારા આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં નો રિપીટ થિયરી અને 60થી વધુ ઉંમરના નેતાઓની ઉમેદવારની પસંદગીમાંથી બાકાત કરવાની ચર્ચાઓથી અનેક નેતાઓની ઉંઘ ઉડી ગઈ છે. જો કે સાઈડ લાઈન થયેલા નેતાઓ તેઓના પરિવારજનો માટે તો કેટલાક પૂર્વ નગરસેવકોને સંગઠનમાં સ્થાન ન મળતા તેઓએ ચૂંટણીમાં ઝુકાવવા માટે શસ્ત્રો સજ્જ કર્યા છે.

અત્રે નોંધનીય છે કે તાજેતરમાં જ જે રીતે સંગઠનમાં યુવાનોને પ્રાધાન્ય આપવામાં આવ્યુ. તે રીતે મહાનગરપાલિકા, નગરપાલિકા, જિલ્લા અને તાલુકા પંચાયતની ચૂંટણીમાં પણ યુવાનોને પ્રાધાન્ય આપવામાં આવનાર હોવાની શક્યતાઓ મજબૂત બની છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ એપ્રિલના છેલ્લા અઠવાડિયામાં કે મે મહિનામાં પ્રથમ સપ્તાહમાં યોજાવાની શક્યતા છે. જેથી રાજકીય ગોડફાધરોનો સંપર્ક કરીને ચૂંટણીની તૈયારીઓ અત્યારથી જ શરૂ કરી હોવાનો માહોલ જોવા મળે છે. સિનિયર સિટિઝન કક્ષાએ પહોંચેલા પીઢ નેતાઓ પોતાના પરિવારના સભ્યો માટે ટિકિટની માંગણી કરવા બાયોડેટા તૈયાર કર્યા છે. જો કે સૌથી વધુ રસાકસી જિલ્લા અને તાલુકા પંચાયતની બેઠકો ઉપર જોવા મળશે. કારણ કે ગ્રામીણકક્ષાના મતદારોના ઝુકાવ ઉપર રાષ્ટ્રિય પક્ષની હારજીત નિશ્ચિત થતી હોય છે. ભાજપ સંગઠને મંડલ પ્રભારીઓની નિયુક્તિ કરીને ગાઉન્ડ લેવલની કામગીરીનો પ્રારંભ કર્યો છે.

### નડિયાદમાં ઇન્દુલાલ યાજ્ઞિકની જન્મજયંતિ નિમિત્તે પુષ્પાંજલિ અર્પણ




નડિયાદમાં મહાગુજરાત આંદોલનના પ્રણેતા ઇન્દુલાલ યાજ્ઞિકની જન્મજયંતિ નિમિત્તે એક વિશેષ શ્રદ્ધાંજલિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સંતરામ મંદિર પાસે આવેલી તેમની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરવા માટે શહેરની વિવિધ સામાજિક સંસ્થાઓ અને અગ્રણી નાગરિકો મોટી સંખ્યામાં એકત્ર થયા હતા. આ પ્રસંગે ઉપસ્થિત લોકોએ સ્વાતંત્ર્ય સેનાની અને લોકપ્રિય નેતા ‘ઈન્દુચાચા’ના માનમાં ગૌરવપૂર્ણ સૂત્રોચ્ચાર કરીને તેમની યાદોને તાજી કરી હતી. પશ્ચિમ નાગરિક સમિતિ અને ગાયત્રી પરિવાર જેવા સંગઠનોના પ્રતિનિધિઓએ આ કાર્યક્રમમાં જોડાઈને ગુજરાત રાજ્યની સ્થાપનામાં તેમના અમૂલ્ય યોગદાનને બિરદાવ્યું હતું. **તસવીર : જશવંતસિંહ રાઠોડ**

# ચરોતરમાં ગરમીની શરૂઆત પારો 34.5 ડિગ્રીએ પહોંચ્યો

**મહતમ સરેરાશ** 34.5 ડિગ્રી જ્યારે લઘુત્તમ તાપમાન 17 ડિગ્રી સેલ્સિયસ

(પ્રતિનિધિ) આણંદ તા.22

આણંદ જિલ્લામાં છેલ્લા ત્રણ ચાર દિવસથી વાતાવરણમાં મોટો ફેરફાર જોવા મળી રહ્યો છે. આણંદના શહેરીજનો સહિત સમગ્ર જીલ્લામાં લોકો હાલમાં મિશ્ર ઋતુનો સામનો કરી રહ્યા છે, વર્તમાન વાતાવરણને કારણે જીલ્લામાં વહેલી સવારે ઠંડક અને બપોરના સમયે ઉનાળા જેવો અહેસાસ થઈ રહ્યો છે.

હવામાન વિભાગની માહિતી મુજબ મહત્તમ તાપમાનમાં સતત વધારો નોંધાતા બપોરના સમયે ગરમીનો પારો 34 .5 ડિગ્રીને પાર કરી ગયો છે.

આણંદ કૃષિ યુનિવર્સિટીના હવામાન વિભાગમાંથી મળતી માહિતી મુજબ છેલ્લા ત્રણ દિવસના તાપમાન પર નજર કરીએ તો 20 તારીખે મહત્તમ તાપમાન 32 ડિગ્રી, 21 તારીખે 31 ડિગ્રી અને 22 તારીખે એકાએક જ મહત્તમ તાપમાન વધીને 34.5 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.

રવિવારે 22 ફેબ્રુઆરીએ લઘુત્તમ તાપમાન 17 ડિગ્રી નોંધાતા વહેલી સવારે લોકોએ સામાન્ય ઠંડી અનુભવી હતી, જ્યારે બપોરે પારો 34.5 ડિગ્રી સુધી પહોંચતા આકરી ગરમી અનુભવી હતી.

આમ, દિવસ અને રાત્રિના તાપમાન વચ્ચે લગભગ બમણો તફાવત એટલે કે 17 ડિગ્રી જેટલો મોટો તફાવત જોવા મળ્યો છે. વાતાવરણમાં ભેજનું પ્રમાણ સવારે ભેજનું પ્રમાણ 84 ટકા જેટલું ઊંચું રહેતા ધુમ્મસભર્યું વાતાવરણ સર્જાયું હતું,. પવનની ગતિ પ્રતિ કલાકે 2.8 કિમી નોંધાઈ હતી.

### ‘માતા-પિતાવગરનીગુણીયલછોકરી’નાનામેજાળબિછાવીપાંચશખ્સોએખેલપાડ્યો

# લુણાવાડામાં લગ્નના બ્હાને યુવકને 2.70 લાખનો ધૂંબો મારી નવવધુ ગુમ

**લુટેરી દુલ્હન** દેવદિવાળીએ મામાને ઘેર જવાનું કહી પરત જ ન ફરી

(પ્રતિનિધિ) લુણાવાડા તા.22

લુણાવાડાના કોલવણ ફળિયામાં રહેતા એક લગ્નવાંછુક યુવક સાથે લગ્નના નામે છેતરપિંડીની ચોંકાવનારી ઘટના સામે આવી છે. માતા-પિતા વગરની કન્યા હોવાનું કહી ભોળવીને લુટેરી દુલ્હન અને તેના સાગરીતોએ લગ્ન કરાવી રોકડ અને ગૂગલ પે મારફતે કુલ ૨,૭૦,૦૦૦ની રકમ પડાવી લીધી હતી. લગ્નના થોડા જ દિવસોમાં નવવધુ ઘરેથી કિંમતી દાગીના અને કપડાં લઈને પિયર જવાનું કહી નાસી છૂટતા ભોગ બનનાર યુવકે લુણાવાડા પોલીસ મથકે પાંચ શખ્સો સામે ફરિયાદ નોંધાવી છે.

લુણાવાડાના ભરત પટેલને તેમના મામા ડાહ્યાભાઈએ એક મા-બાપ વગરની ગુણીયલ છોકરી અંગેનું માગું બતાવ્યું હતું. આ છોકરી ગોધરા ખાતે તેના મામા ઉદાભાઇ ચેમભાઇ નાયક સાથે રહેતી હોવાનું જણાવાયું હતું. ગોધરા બસ સ્ટેશન પાસે થયેલી મુલાકાત દરમિયાન ભરતભાઈને કન્યા કોકીલાબેન ગમી જતાં સંબંધ નક્કી થયો હતો. જોકે, લગ્ન વિધિ અને રજીસ્ટર સોગંદનામા માટે કન્યા પક્ષ દ્વારા કટકે કટકે નાણાંની માંગણી કરવામાં આવી હતી. જેમાં પ્રથમ 25 હજાર ગૂગલ પેથી બાદમાં 1.20 લાખ ફરી ગૂગલ પેથી અને 55 હજાર રોકડા મળી મોટી રકમ પડાવવામાં આવી હતી.

હારતોરા કરી લગ્ન સંપન્ન થયા બાદ કોકીલાબેન સાસરીમાં રહેવા આવ્યા હતાં. પરંત લગ્નના ચાર દિવસ બાદ જ કોકીલાબેનની માસી રેખાબેન આણું તેડવાના બહાને તેને ચાર-પાંચ દિવસ માટે લઈ ગયા હતા. બાદ પરત આવ્યાના થોડા સમય પછી, દેવદિવાળીના આગલા દિવસે કોકીલાબેને ‘ગોધરા મામાને ત્યાં જવું છે’ તેમ કહીને રજા લીધી હતી. આ વખતે તે પોતાની સાથે ચાંદીની કંઠી, ચાંદીના છડા અને કિંમતી કપડાં પણ લઈ ગઈ હતી. દસ દિવસ વીતવા છતાં પણ પત્ની પરત ન આવતા અને તપાસ કરતા છેતરાયાનો અહેસાસ થતા પોલીસના દ્વાર ખખડાવ્યા છે. આ અંગે ભરત પટેલે લુણાવાડા પોલીસમાં કોકીલાબેન (નવવધુ), ઉદાભાઇ ચેમભાઇ નાયક (કથિત મામા), જીગર (મામાનો દીકરો), રેખાબેન (માસી) તથા જયેશ (મામાનો મિત્ર) સામે ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધ્યો હતો.

આ ઠગ ટોળકીએ લગ્નની લાલચ આપીને ડિજિટલ યુગનો ફાયદો ઉઠાવ્યો હતો. લગ્ન નક્કી થયાથી લઈને લગ્ન સંપન્ન થયા ત્યાં સુધીમાં 1.45 લાખ ગૂગલ પે મારફતે ખંખેર્યાં હતાં.

### કર્ણાવતી ક્લબના પૂર્વ ચેરમેન હવે સંભાળશે મંદિરનો વહીવટ

# ડાકોર ટેમ્પલ કમિટીમાં ટ્રસ્ટી તરીકે ગિરીશ દાણી નિમાયાં

**નડિયાદ** સેસન્સ કોર્ટનો નિર્ણય : કમિટીમાં હજુ પણ 3 જગ્યાઓ ખાલી

(પ્રતિનિધિ) નડિયાદ તા.22

સુપ્રસિદ્ધ યાત્રાધામ ડાકોર રણછોડરાયજી મંદિરના વહીવટ અને વ્યવસ્થાપન માટે જવાબદાર ટેમ્પલ કમિટીમાં નવા ટ્રસ્ટીની નિમણૂક કરવામાં આવી છે. નડિયાદ સેસન્સ કોર્ટ દ્વારા આ અંગે મહત્વનો નિર્ણય લેતા ગિરીશ દાણીની પસંદગી પર મહોર મારવામાં આવી છે. આ નિમણૂક સાથે જ મંદિરના વહીવટી માળખામાં લાંબા સમયથી ચાલી રહેલી એકચક્રી શાસન જેવી સ્થિતિનો અંત આવ્યો છે.

ડાકોર ટેમ્પલ કમિટીમાં કુલ 5 ટ્રસ્ટીઓની જોગવાઈ છે, પરંતુ છેલ્લા લાંબા સમયથી આ કમિટી માત્ર એક જ ટ્રસ્ટી અને ચેરમેન પરિન્દુ ભગત દ્વારા ચલાવવામાં આવી રહી હતી. ટ્રસ્ટીઓની જગ્યાઓ ખાલી હોવાને કારણે કોર્ટ દ્વારા નવી નિમણૂકની પ્રક્રિયા હાથ ધરાઈ હતી. જોકે, ગિરીશ દાણીની વરણી બાદ પણ હવે ટ્રસ્ટીઓની કુલ સંખ્યા 2 પર પહોંચી છે, જેનો અર્થ છે કે હજુ પણ કમિટીમાં 3 જગ્યાઓ ખાલી છે, જેને ભરવા માટે આગામી સમયમાં પ્રક્રિયા તેજ બની શકે છે.

અલબત્ત, ગિરીશ દાણી કર્ણાવતી ક્લબના પૂર્વ ચેરમેન અને હાલના ડિરેક્ટર તરીકે કાર્યરત છે. તેમની આ નિમણૂકથી મંદિરના વહીવટી કાર્યોમાં વધુ ગતિશીલતા આવશે અને મોટા નિર્ણયો લેવામાં સરળતા રહેશે તેવું માનવામાં આવે છે.

### કલેક્ટરની અધ્યક્ષતામાં માર્ગ સલામતી સમિતિની બેઠક યોજાઈ


# ખેડાના જૂના બ્રિજનું સ્ટ્રક્ચરલ એસેસમેન્ટ કરવા આદેશ છુટ્યાં

**ગંભીરા** બ્રિજ જેવી દુર્ઘટના નિવારવા ખાસ સમિતિ રચાશે

(પ્રતિનિધિ) નડિયાદ તા.22

ખેડા જિલ્લા કલેક્ટર અમિત પ્રકાશ યાદવના અધ્યક્ષ સ્થાને નડિયાદ કલેક્ટર કચેરી ખાતે જિલ્લા માર્ગ સલામતી સમિતિની મહત્વની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં જિલ્લામાં માર્ગ અકસ્માતો ઘટાડવા, બ્લેક સ્પોટની સ્થિતિ સુધારવા અને ઓવરબ્રિજની સુરક્ષા બાબતે સંબંધિત અધિકારીઓને જરૂરી દિશાનિર્દેશો આપવામાં આવ્યા હતા.

આ બેઠક દરમિયાન કલેક્ટરે જણાવ્યું હતું કે, માર્ગ અને



મકાન વિભાગ દ્વારા બનાવવામાં આવેલા જૂના રોડ ઓવરબ્રિજનું તાત્કાલિક ‘સ્ટ્રક્ચરલ એસેસમેન્ટ’ કરવામાં આવે. આ માટે એક વિશેષ સમિતિ બનાવી તત્કાળ અમલીકરણ કરવા સૂચના આપી હતી, જેથી ગંભીરા બ્રિજ જેવી કોઈ અપ્રિય ઘટના ન બને. આ ઉપરાંત અમદાવાદ-વડોદરા હાઈવે પર એન્ફોર્સમેન્ટની કાર્યવાહીની પણ સમીક્ષા કરાઈ હતી.

આ અંગે આરટીઓ મિતેશભાઈ ભંગાલેએ જિલ્લાના વિવિધ બ્લેક સ્પોટ અને અકસ્માતના ડેટા પરથી કરાયેલી કામગીરીની રજૂઆત કરી હતી. જાન્યુઆરી માસ દરમિયાન ઉજવાયેલા ‘નેશનલ રોડ સેફ્ટી મંથ’ અંતર્ગત થયેલી વિવિધ પ્રવૃત્તિઓ જેવી કે બાઈક રેલી, ડ્રાઈવર-કંડક્ટરની આંખની તપાસ, રેડિયમ સ્ટીકર લગાવવા અને ટોલ પ્લાઝા પર જનજાગૃતિ કાર્યક્રમો વિશે માહિતી આપવામાં આવી હતી. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી જયંત કિશોર, નિવાસી અધિક કલેક્ટર જે.બી. દેસાઈ સહિત વિવિધ વિભાગના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# પિતા સાથે સંબંધ તોડવા પતિએ પત્નીને કાઢી મૂકી

**અમદાવાદ** રહેતા પતિએ પિયર જવા કે ફોન કરવા પર પણ પ્રતિબંધ લાદ્યો

(પ્રતિનિધિ) આણંદ તા.22

આણંદના કરમસદની યુવતીએ અમદાવાદ સ્થિત પતિ વિરુદ્ધ આણંદ મહિલા પોલીસ સ્ટેશનમાં ગંભીર આક્ષેપો સાથે ફરિયાદ નોંધાવી છે. પિતા સાથેના સંબંધો છોડાવવા માટે પતિએ પત્ની પર અમાનુષી ઝુલમ ગુજારી, તેને અને તેના નાના બાળકને માત્ર પહેરેલા કપડે ઘરમાંથી કાઢી મૂક્યા હતાં.

કરમસદની અંકિતાના લગ્ન અમદાવાદમાં રહેતા દીક્ષિત જયંતીભાઈ પંચાલ સાથે થયા હતા. આ લગ્નના માત્ર દોઢ માસમાં જ પતિએ ત્રાસ આપવાનું શરૂ કર્યું હતું. પત્નીએ નોકરી અને બચત કરીને પતિને આર્થિક રીતે સાથ આપ્યો હોવા છતાં, પતિએ પત્નીના પિયર જવા પર પાબંધી લાદી દીધી હતી. પતિ દ્વારા પત્નીને તેના પિતા સાથે ફોન પર વાત કરવા પર પણ મનાઈ ફરમાવી અવારનવાર ગાળાગાળી કરવામાં આવતી હતી. તેમાંય ત્રાસની હદ ત્યારે વટાવી જ્યારે પુત્રના પ્રથમ જન્મદિવસે પિયરપક્ષને બોલાવવાની પતિએ સાફ ના પાડી દીધી અને બીમાર ભાભીની ખબર કાઢવા જવાની પણ મનાઈ કરી હતી. પતિ અવારનવાર “સિંગલ મધરને તકલીફ પડશે” તેવા ટોણા મારી માનસિક ત્રાસ આપતો હતો. અંતે, જ્યારે પત્નીના ભાઈ અને પિતા સમજાવવા આવ્યા ત્યારે તેમની સાથે પણ ઝઘડો કરી, પત્ની અને બાળકને ઘરમાંથી કાઢી મૂકતા મામલો પોલીસ મથકે પહોંચ્યો છે.

### અર્બન ડેવલપમેન્ટ વિભાગ દ્વારા નવ રચિત મનપાની કામગીરી માટે રિવ્યુ જાહેર

# કરમસદ - આણંદ મહાપાલિકા રાજ્યમાં બીજા નંબરે ધકેલાઈ

**નવસારી મનપાએ** 61.94 પોઈન્ટ સાથે રાજ્યમાં પ્રથમ સ્થાન હાંસલ કર્યું

(પ્રતિનિધિ) આણંદ તા 22

ગુજરાત રાજ્યમાં નવરચિત મનપાઓની કામગીરી ઉપર સતત નજર રાખીને તેમને સુધારા માટે સરકાર દ્વારા સતત પ્રયાસ કરવામાં આવે છે. ત્યારે ગુજરાત સરકારના અર્બન ડેવલપમેન્ટ અને અર્બન હાઉસીંગ વિભાગ દ્વારા તાજેતરમાં જ નવ રચિત તમામ મનપાઓનો પ્રોગ્રેસ રિવ્યુ કરાયો હતો. જેમાં ગત રિવ્યુમાં આણંદ - કરમસદ મનપા પહેલાં સ્થાને હતી, જે હવે બીજા સ્થાને ધકેલાઇ ગઇ છે

અર્બન ડેવલપમેન્ટ વિભાગ દ્વારા નવ રચિત મનપાઓની કામગીરી માટે નિયત થયેલા સમયગાળામાં રિવ્યુ કરે છે. જેમાં રાજ્યના વિવિધ જિલ્લાઓમાં નવરચિત મનપાઓની કામગીરીની સમિક્ષા કરે છે. જેમાં 16મી ફેબ્રુઆરી 2026ના રોજ પ્રસિદ્ધ થયેલ સમિક્ષા રિપોર્ટમાં ગત રિવ્યુ દરમિયાન રાજ્યમાં પ્રથમ સ્થાન હાંસલ કરનાર કરમસદ - આણંદ મનપા બીજા નંબરે ધકેલાઇ છે, કરમસદ આણંદ મહાનગરપાલિકાને પાછળ રાખીને આ વખતે નવસારી મનપાએ રાજ્યમાં પ્રથમ સ્થાન હાંસલ કર્યું છે. જેમાં 6 અલગ અલગ માપદંડોના આધારે કરેલી સમિક્ષા બાદ નવસારી મહાનગરપાલિકા એ પ્રથમ ક્રમ મેળવ્યો છે, તો કરમસદ - આણંદ મહાનગરપાલિકા બીજા ક્રમે આવી છે. ગત રિવ્યુ દરમિયાન કરમસદ - આણંદ મનપા 51.09 પોઈન્ટ સાથે પ્રથમ નંબરે હતી, જ્યારે નવસારી મનપા 50.85 પોઈન્ટ સાથે બીજા અને 47.41 પોઈન્ટ સાથે નડિયાદ મનપા તૃતિય સ્થાને હતી. વર્તમાનમાં જાહેર કરાયેલા થયેલા રિવ્યુમાં નવસારી મનપાએ 61.94 પોઈન્ટ હાંસલ કરીને કરમસદ - આણંદ મનપાને પાછળ પાડી દીધી છે. આ વખતના રિવ્યુમાં કરમસદ - આણંદ મનપાનો સ્કોર 61.20 પોઈન્ટ રહ્યો છે.

# ચરોતરમાં AI બોટ દ્વારા પાક સર્વેનું ડેટા વેરિફિકેશન શરૂ કરાયું

**ડિજિટલ ક્રોપ** સર્વેની સચોટતા ચકાસવા ખેડૂતોનો ઓટોમેટેડ વોઇસ કોલ કે વોટ્સએપ દ્વારા સંપર્ક કરાશે

(પ્રતિનિધિ) આણંદ તા.22


ભારત સરકારની ‘એગ્રીસ્ટેક’ યોજના હેઠળ ખેતીમાં આધુનિકતા અને પારદર્શિતા લાવવાના ઉદ્દેશ્ય સાથે હવે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ટેકનોલોજીનો ઉપયોગ શરૂ કરવામાં આવ્યો છે. ખેડા જિલ્લા સહિત આણંદ અને મહિસાગર પંથકમાં રવિ ઋતુ દરમિયાન કરવામાં આવેલા ડિજિટલ ક્રોપ સર્વેની વિગતોની ચકાસણી કરવા માટે સરકાર દ્વારા AI બોટ સિસ્ટમ અમલમાં મૂકવામાં આવી છે. આ પ્રક્રિયા હેઠળ, જે ખેડૂતોનો સર્વે પૂર્ણ થયો છે, તેમને ઓટોમેટેડ વોઈસ કોલ અથવા વોટ્સએપ મેસેજ દ્વારા સંપર્ક કરી તેમના પાકની વિગતોની પુષ્ટિ કરવામાં આવશે.

ચરોતરમાં રવિ ઋતુ દરમિયાન સર્વેયરો દ્વારા ખેતરોની પ્રત્યક્ષ મુલાકાત લઈ મોબાઈલ એપ્લિકેશનના માધ્યમથી પાકના ભૌગોલિક સ્થાન (જીઓ-ટેગ) સાથેના ફોટા અને અન્ય જરૂરી વિગતો રેકોર્ડ કરવામાં આવી હતી. આ એકત્રિત થયેલા ડેટામાં કોઈ ભૂલ ન રહી જાય અને માહિતી સંપૂર્ણપણે સચોટ હોય તે સુનિશ્ચિત કરવા માટે એઆઈ બોટનો સહારો લેવામાં આવી રહ્યો છે.

આ અંગે ખેતી નિયામકની કચેરી, ગાંધીનગર અને નાયબ ખેતી નિયામક (વિસ્તરણ), ખેડા-નડીયાદ દ્વારા ખેડૂતોને વિનંતી કરવામાં આવી છે કે, જ્યારે પણ તેમને આ સંદર્ભે ઓટોમેટેડ કોલ કે મેસેજ મળે, ત્યારે તેઓએ પોતાના ખેતર અને વાવેલા પાક વિશેની સાચી અને સચોટ માહિતી પૂરી પાડવી. આ વેરિફિકેશન પ્રક્રિયાનો મુખ્ય હેતુ ડેટાની પારદર્શિતા વધારવાનો છે.

**અફવાઓથી દૂર રહેવા અને સહયોગ આપવા અપીલ**

આ એક સંપૂર્ણ સરકારી પહેલ હોવાથી, ખેડૂતોને કોઈપણ પ્રકારની ગેરમાર્ગે દોરનારી વાતો કે અફવાઓથી દૂર રહેવાની સલાહ આપવામાં આવી છે. આ ડિજિટલ ડેટાના આધારે ભવિષ્યમાં ખેડૂતોને સરકારી યોજનાઓના લાભો વધુ ઝડપથી અને સીધા મળી શકશે. આણંદ, ખેડા અને મહિસાગર જિલ્લાના તમામ ખેડૂતો આ ડિજિટલ અભિયાનમાં સક્રિય સહયોગ આપે અને જાગૃત રહે તેવી અપીલ કૃષિ વિભાગ દ્વારા કરવામાં આવી છે.




ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

| આણંદ | નડિયાદ |
|---|---|
| જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ. | ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ |

**કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો**

**મો. 99250 30225, મો. 99255 50225**